For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

કોરીડોર-1માં ડ્રીમસિટીથી અલથાણ ટેનામેન્ટ 8 કિ.મીની કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી

# મેટ્રોનો 8 કિ.મીનો ટ્રેક ટ્રાયલ માટે તૈયાર


**એલિવેટેડ** રૂટમાં કુલ કામગીરીના 93% થી 99% જેટલા પાઈલ્સ, પાઈલ કેપ્સ અને પિયર્સનું કામ પૂર્ણ થઈ ચૂક્યું છે

સુરતઃ મેટ્રોના કારણે ડાયમંડ સિટી સુરતના રસ્તાઓ પર છેલ્લા 3-4 વર્ષથી લાગેલા બેરિકેડ્સ અને ખોદકામને કારણે ટ્રાફિકની સમસ્યા વેઠી રહેલા શહેરીજનો માટે આખરે રાહતના સમાચાર આવ્યા છે. મેટ્રોના કોરિડોર-1 ના ડ્રીમ સિટી રેમ્પથી અલથાણ ટેનામેન્ટ સુધીના 8.1 કિલોમીટરના વિસ્તારમાં વાયડક્ટ અને ટ્રેકનું કામ

...અનુસંધાન પાના 5 પર








### ડ્રીમ સિટી ડેપોની 18 બિલ્ડિંગો તૈયાર

મેટ્રો ટ્રેનોના રખરખાવ માટે ડ્રીમ સિટી ડેપો ખાતે તમામ 18 બિલ્ડિંગો તૈયાર થઈ ગઈ છે. અહીં ટેસ્ટ ટ્રેકથી લઈને સ્ટેબલિંગ લાઈન્સ સુધીની તમામ ટ્રેક કામગીરી પૂર્ણ કરી લેવામાં આવી છે. જે પણ ટુંક સમયમાં તૈયાર થઈ જશે તેમ જાણવામાં આવ્યું છે.

### મેટ્રોની થઇ ગયેલી કામગીરી

(1) પાઈલ્સ, પાઈલ કેપ્સ અને પિયર્સનું 93% થી 99% જેટલા કામ પૂર્ણ
(2) એલિવેટેડ વાયડક્ટ માટે 27.5 કિમી સુધી સેગમેન્ટ ઇરેક્શનની કામગીરી પૂર્ણ
(3) કોરિડોર-2 માં પણ ભેંસાણ ડેપો રેમ્પથી અડાજણ ગામ સ્ટેશન સુધીના 6 કિલોમીટરના વાયડક્ટનું કામ પૂર્ણ
(4) 5 કિલોમીટર સુધી ટ્રેક બિછાવવાની કામગીરી પણ પુરી થઈ ગઈ છે
(5) શહેરના અંડરગ્રાઉન્ડ સેક્શનમાં 6.5 કિલોમીટરની ડાઉનલાઇન ટનલનું કામ પૂર્ણ
(6) અપલાઇનમાં માત્ર 500 મીટરનું કામ બાકી છે
(7) કાપોદ્રા અને સેન્ટ્રલ વેરહાઉસ સ્ટેશનો પણ હવે અંતિમ તબક્કામાં.

# સમરસ હોસ્ટેલમાં ઉંદરોની હાજરી, ભોજનમાં કીડા

**હોસ્ટેલના** ગેઇટની બહાર એબીવીપીએ આખી રાત ધરણા કર્યા

**પાણી,** સફાઇ અને ભોજનના મુદ્દે અધિકારીઓ સામે આક્રોશ

**800** વિદ્યાર્થીને દોઢ વર્ષથી પીવાના પાણીની સમસ્યા

સુરતઃ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી (VNSGU) ના કેમ્પસમાં આવેલી સમરસ હોસ્ટેલમાં રહેતા આશરે 800 જેટલા વિદ્યાર્થીઓ ગંભીર સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. વારંવારની રજૂઆત છતાં કોઈ નક્કર કાર્યવાહી ન થતાં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (એબીવીપી) દ્વારા ગઈકાલ રાતથી સવાર સુધી ધરણાં યોજી તીવ્ર વિરોધ નોંધાવવામાં આવ્યો હતો.

મળતી માહિતી અનુસાર, હોસ્ટેલમાં છેલ્લા દોઢ વર્ષથી પીવાના પાણીની ગંભીર સમસ્યા છે. હાલમાં કડકડતી ઠંડી હોવા છતાં વિદ્યાર્થીઓને ન્હાવા માટે ગરમ પાણી મળતું નથી. હોસ્ટેલના બાથરૂમ અને ટોયલેટ અત્યંત ગંદી અને તૂટેલી હાલતમાં છે, જેના કારણે વિદ્યાર્થીઓને દૈનિક જીવનમાં ભારે મુશ્કેલીઓ ભોગવવી પડે છે.

હોસ્ટેલના ભોજન અંગે પણ ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે. વિદ્યાર્થીઓનું કહેવું છે કે જમવાની ગુણવત્તા ખૂબ જ નબળી છે. ફરિયાદ કર્યા બાદ બે-ચાર દિવસ પૂરતો સુધારો થાય છે, પરંતુ ફરીથી પહેલાની જેમ જ બેકાળજીભર્યું અને અસ્વચ્છ ભોજન આપવામાં આવે છે. ઘણી વખત ખાવામાં નાના કીડા-કીટાણું મળી આવતાં હોવાના આક્ષેપો છે. એટલું જ નહીં, બે દિવસ પહેલા તો ખાવામાં જીવતા ઉંદર નીકળ્યાનો ગંભીર આક્ષેપ કરવામાં આવ્યો હતો, જેનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા ભારે ચકચાર મચી ગઈ હતી.




### ઉંદર ભોજનમાંથી નથી નીકળ્યો, વીડિયો કચરાપેટીનો છે

આ સમગ્ર મામલે સમાજ કલ્યાણ અધિકારી હેપીલ દુમ્મરે જણાવ્યું હતું કે હોસ્ટેલના રિનોવેશન માટે ગુજરાત સમરસ છાત્રાલય સોસાયટી પાસે ગ્રાન્ટની માંગ કરવામાં આવી છે. જ્યારે ભોજનમાંથી ઉંદર નીકળ્યાના આરોપ અંગે તેમણે સ્પષ્ટતા કરતાં કહ્યું હતું કે ઉંદર જમણામાંથી નહીં પરંતુ ડસ્ટબીનમાંથી નીકળ્યા હતા.







### લાયબ્રેરીમાં 10 વર્ષથી એક પણ નવું પુસ્તક આવ્યું નથી

હોસ્ટેલમાં સ્પોર્ટ્સ ઇક્વિપમેન્ટ ઉપલબ્ધ નથી. સમરસ લાયબ્રેરીની હાલત પણ શોભનીય નથી. છેલ્લા 10થી 12 વર્ષમાં એક પણ નવું પુસ્તક લાવવામાં આવ્યું નથી અને આજેય જૂના, અપ્રાસંગિક પુસ્તકો જ વિદ્યાર્થીઓ માટે મૂકવામાં આવ્યા છે.

ભારે ભીડ થતાં ઠેર ઠેર ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા

# સુંવાલીમાં ત્રણ દિવસમાં 4.65 લાખ સહેલાણી ઊમટી પડ્યા

**કડકડતી** ઠંડીમાં સંગીત-નૃત્ય અને ખાણીપીણીની મજા

**પ્રથમ** બે દિવસમાં ૨ લાખથી વધુ સહેલાણીઓ, AI કેમેરાથી ભીડનું સંચાલન

સુરતઃ ગુજરાત પ્રવાસન નિગમ અને સુરત જિલ્લા વહીવટીતંત્રના સંયુક્ત ઉપક્રમે આયોજિત ત્રિદિવસીય 'સુવાલી બીચ ફેસ્ટિવલ-૨૦૨૬'નું રવિવારે ઉત્સાહભર્યા માહોલમાં સમાપન થયું હતું. ફેસ્ટિવલના પ્રથમ

...અનુસંધાન પાના 5 પર

### બીચ ફેસ્ટિવલના માધ્યમથી સુંવાલીને પ્રવાસન નકશા પર નવી ઓળખ મળી

ફેસ્ટિવલ દરમિયાન ધારાસભ્ય સંદિપભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, સુરતીઓનો મિજાજ જ અલગ છે. પરિવાર સાથે ફેસ્ટિવલની મજા માણવા લાખ્ખોની સંખ્યામાં લોકો અહીં પહોંચ્યા છે. લોકપ્રિય ગાયિકા ભૂમિ ત્રિવેદીના સંગીતના તાલે જનમેદનીને ઝૂમતી જોઈને આનંદ થયો છે. આ બીચ ફેસ્ટિવલના માધ્યમથી સુવાલીને પ્રવાસન નકશા પર નવી ઓળખ મળી છે.

### AI આધારિત કેમેરાના માધ્યમથી 'હ્યુમન કાઉન્ટિંગ' કરાયું

આ વર્ષે ભીડ વ્યવસ્થાપન અને સુરક્ષાને લઈને વહીવટીતંત્ર દ્વારા આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ફેસ્ટિવલ સ્થળે AI (આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ) આધારિત કેમેરા લગાવવામાં આવ્યા હતા, જેના માધ્યમથી સચોટ 'હ્યુમન કાઉન્ટિંગ' કરી ભીડ પર નજર રાખવામાં આવી હતી. અંતિમ દિવસે રવિવારે

...અનુસંધાન પાના 5 પર

# BOBના ક્લાર્કનું ક્રિકેટ ગ્રાઉન્ડમાં ઢળી પડ્યા બાદ મોત

**RMG** મહેશ્વરીના ધો. 12ના વિદ્યાર્થીનું ઘરમાં બેડ પર જ બેભાન થઇ જતાં મૃત્યું

સુરતઃ શહેરમાં બેભાન થઈ જતા વિદ્યાર્થી સહિત બેના મોત થયા હતા. જેમાં લિંબાયતમાં ધો-12ના વિદ્યાર્થીનું ઘરમાં તેમજ ડિંડોલીમાં BOB બેંકના કલાર્કનું ક્રિકેટ ગ્રાઉન્ડમાં બેભાન થતા મોત થયું હતું.

ડિંડોલી નવાગામ વિસ્તારમાં આવેલા ધોડિયાવાડમાં 35 વર્ષીય મેહુલ સતીશ પટેલ BOB ગ્રામીણ બેંકના ડુભાલ બ્રાંચમાં કલાર્ક તરીકે નોકરી કરીને પરીવારનું ગુજરાન ચલાવતો હતો. મેહુલ દર રવિવારે પોતાના મિત્રો સાથે નંદનવન ટાઉનશીપ પાસે આવેલ ગ્રાઉન્ડમાં ક્રિકેટ રમવા જતો હતો. દરમિયાન આજે પણ તે ક્રિકેટ રમવા ગયો હતો. આઉટ થયા બાદ મેહુલ ગ્રાઉન્ડમાં બેઠો હતો. ત્યારે તે બેભાન થઈ ગયો હતો. જેથી તેના મિત્રો કારમાં સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખાતે લઈ આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે મેહુલને મૃત જાહેર કર્યો હતો. જ્યારે બીજા બનાવમાં મૂળ ઉત્તરપ્રદેશના વતની અતુલસિંહ સેવર હાલ લિંબાયત વિસ્તારમાં આવેલા શંકરનગર સોસાયટીમાં રહે છે અને મિલમાં નોકરી કરે છે. તેમનો 17 વર્ષીય પુત્ર સમ્રાટ ઘર પાસે આવેલી RMG મહેશ્વરી સ્કૂલના ધોરણ 12 કોમર્સમાં અભ્યાસ કરતો હતો. રવિવારે બપોરે તે ઘરમાં બેડ પર બેઠો હતો ત્યારે બેભાન થઈને ઢળી પડ્યો હતો. જેથી પરિવારજનો તેને સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ ખાતે લઈ ગયા હતા. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.

૧૫૫૦ કરોડના સાયબર ફ્રોડમાં વધુ 4 ઝડપાયા

# ૧.૯૨ કરોડ ગણવા 4 મશીન મંગાવવા પડ્યા

**ચિરાગ** સૂતરિયા-પ્રવિણ ગઢિયાની ઓફિસમાંથી સોના અને હીરાનો ઢગલો મળ્યો

**બેંક** એકાઉન્ટમાંથી નાણાં ઉપાડી તેને USDTમાં કન્વર્ટ કરવાના કાંડમાં સંડોવાયા હતા



સુરત : ઉધના પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ૧૫૫૦ કરોડ રૂપિયાના વિશાળ આંતરરાષ્ટ્રીય સાયબર ફ્રોડ કેસમાં પોલીસે મોટી સફળતા મેળવી છે. આ કેસમાં સાયબર ફ્રોડના નાણાંને કરંટ બેંક એકાઉન્ટમાંથી રોકડમાં રૂપાંતરિત કરીને USDT (યુનાઈટેડ સ્ટેટ્સ ડોલર ટેથર)માં કન્વર્ટ કરતા ચાર આરોપીઓને પકડી પાડવામાં આવ્યા છે. પોલીસે તેમની પાસેથી રોકડા રૂપિયા ૧ કરોડ ૯૨ લાખથી વધુ, સોનું, ચાંદી, રફ હીરા અને રૂપિયા ગણવાના મશીનો સહિત કુલ ૨ કરોડ ૬૦ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

ઉધના પોલીસના સર્વેલન્સ સ્ટાફે ગત ૨૧ મે ૨૦૨૫ના રોજ રામનગર ચાર રસ્તા પર વાહન ચેકિંગ દરમિયાન એક એક્ટિવા (રજી. નં. GJ-05-TD-7745)ને શંકાસ્પદ જણાતા તપાસ કરી હતી. તપાસમાં જાણવા મળ્યું કે આરોપીઓ મોટા પ્રમાણમાં બેંક એકાઉન્ટ ખોલાવીને તેના કીટ અને મોબાઈલ સિમ કાર્ડ મેળવીને ખોટા યુઝરનેમ-પાસવર્ડ બનાવતા હતા. તેઓ ખોટા દસ્તાવેજો અને ઓળખ ઉભી કરીને દિલ્હીમાં રહીને ઈન્ટરનેટ મારફતે લોકોને ઠગતા હતા અને આ એકાઉન્ટને કમિશન પર આંતરરાષ્ટ્રીય સાયબર

...અનુસંધાન પાના 5 પર

### પકડાયેલા આરોપીઓ ૪ દિવસના રિમાન્ડ પર

(૧) અબ્દુલરબ અબ્દુલકાદિર ચામડિયા (ઉં. ૩૨, વેપાર, રહે. ગાયત્રી સોસાયટી, અડાજણ પાટીયા), (૨) અમિતભાઈ જગદીશભાઈ ચોક્સી (ઉં. ૪૫, ડોમેસ્ટિક મની ટ્રાન્સફર, રહે. છોવાલા શેરી સંગ્રામપુરા), (૩) ચિરાગભાઈ ઉર્ફે ચાર્લી નાગજીભાઈ સુતરિયા (ઉં. ૩૭, આંગડિયા પેઢી, રહે. અયોધ્યા રો હાઉસ,ડભોલી), (૪) પ્રવીણભાઈ લક્ષ્મણભાઈ ગઢીયા (ઉં.વ.૫૭, નોકરી, રહે. માનસરોવર,કતારગામ)ની ધરપકડ કરી કોર્ટમાં રજૂ કરતા કોર્ટે ૪ દિવસના રિમાન્ડમંજૂર કર્યા છે.

### આરોપીઓ પાસેથી જપ્ત કરાયેલા મુદ્દામાલમાં

રોકડા ૧,૯૨,૦૯,૩૦૦ રૂપિયા, સોનાના વિવિધ ટુકડા અને બિસ્કિટ (કુલ ૨૮૮.૯૬ ગ્રામ, કિંમત ૩૯,૩૬,૯૬૯ રૂપિયા), ચાંદીના ટુકડા (૧૦.૮૦૦ ગ્રામ, કિંમત ૨૭,૪૩,૨૫૦ રૂપિયા), રફ હીરા (૪૧૩.૩૭ કેરેટ, કિંમત ૨૦,૬૬૮ રૂપિયા) અને રૂપિયા ગણવાના ચાર મશીનો (કિંમત ૧,૨૨,૦૦૦ રૂપિયા) નો સમાવેશ થાય છે. વિગતવાર સોનાના આઈટમમાં SUISSE, MMTC-PAMP અને GUJRAT BULLION REFINERYના બિસ્કિટનો પણ સમાવેશ છે.

'લોભિયા હોય ત્યાં ધૂતારા ભૂખે નહીં મરે' કહેવતને સાકાર કરતો કિસ્સો

# આર્થિક તંગી દૂર કરવા 27.48 લાખ ખર્ચ્યા, તે પણ ગયા...

**અંકલેશ્વરને** પારડી ઈદ્રીશ ગામના એક સજ્જન ત્રણ ઠગબાજની અંધશ્રદ્ધાની વાતોમાં ફસાયા

**લક્ષ્મીજીની** પ્રસન્ન કરવા પૂજા-વિધિ અને અન્ય બહાના હેઠળ પૈસા પડાવી લીધાં, ત્રણેયની ધરપકડ



અંકલેશ્વરઃ અંકલેશ્વર તાલુકાના પારડી ઈદ્રીશ ગામમાં લક્ષ્મી માતાની પૂજા-વિધિ દ્વારા આર્થિક તંગી દૂર કરવાની લાલચ આપી એક વ્યક્તિ સાથે રૂ.27.48 લાખની છેતરપિંડી કર્યાનો ગંભીર બનાવ સામે આવ્યો છે. આ મામલે ત્રણ વ્યક્તિ સામે ફરિયાદ નોંધવામાં આવી છે.

ફરિયાદી વિકિતભાઈ કાંતિભાઈ ભોઇ (ઉ.વ. 42 રહેવાસી ભોલાવ, ભરૂચ)એ પાનોલી પોલીસને આપેલી ફરિયાદ મુજબ તેઓ છેલ્લા કેટલાક વર્ષોથી આર્થિક સંકટમાં હતા. આ દરમિયાન મિત્ર મારફતે પારડી ઈદ્રીશના સન્મુખ બુધા વસાવા તથા તેમના પુત્ર પ્રતિક વસાવા તેમજ બાલાસિનોરના ગુરૂજી સુથારભાઈ (બાપુ) સાથે સંપર્ક થયો હતો.

આરોપીઓએ લક્ષ્મી માતાની પૂજા-વિધિ કરી આર્થિક મુશ્કેલી દૂર કરી આપવાની ખાતરી આપી ફરિયાદીને વિશ્વાસમાં લીધા હતા. ધાર્મિક વિધિ અને અંધશ્રદ્ધાના બહાને ફેબ્રુઆરી 2024થી મે-2025 દરમિયાન ફરિયાદી પાસેથી ટુકડે ટુકડે રૂ.14,23,500/- બેંક ટ્રાન્સફર મારફતે તથા રૂ.13,25,000/- રોકડ મેળવી કુલ રૂ.27,48,500/-ની રકમ પડાવી લીધી હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

ફરિયાદ મુજબ આરોપીઓએ પોતાની વૈભવી જીવનશૈલી, મોંઘી ગાડીઓ અને વિશાળ જમીન હોવાનું

...અનુસંધાન પાના 5 પર

અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફિક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફિક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹૪૫૦૦/- | ₹3000/- | ₹૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

સુરતી મોઢવણિક શ્રધ્ધાંજલિ




તમોએ સર્વને પ્રેમ અને વાત્સલ્ય આપ્યા, ધર્મ સંસ્કાર આપ્યા, વડલાની જેમ છાયા આપી, દુઃખ અને સુખ બન્નેમાં સાચવ્યા પ્રભુ આપને શાશ્વત શાંતિ અર્પે એ જ અમારી પ્રાર્થના.

સ્વ. ચંપકલાલ કીકાભાઈ મહેતા સ્વ.તા:૧૨/૦૧/૨૦૧૬

લિ. સમસ્ત મહેતા પરિવાર

સ્વ. મંજુલાબેન ચંપકલાલ મહેતા સ્વ.તા:૦૪/૧૧/૧૯૯૭

સરનામુઃ ૨૫-૨૬, નિલકમલ સોસાયટી, આનંદમહલ રોડ, અડાજણ સુરત. મો.નં.૯૮૭૯૬૫૫૯૦૬

૧૮મી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



જીવન સદા એવું જીવ્યા કે એમાંથી જીવવાનો ઉપદેશ મળે, જીવનભર મહેનત કરી કુટુંબ માટે ફુલો પાથરી ગયા, કર્મ સદા એવા કર્યા કે સૌના હૃદયમાં ગુંજ્યા કરે, વ્યવહાર કદી ચુક્યા નહીં, ધર્મ કદી ભુલ્યાં નહીં, સદાય હસતાં રહયાં અને સૌના દિલમાં વસતા રહયાં, પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના કરીએ...

લિ.
શ્રી મરોલીવિભાગ જનસેવા ટ્રસ્ટના અંતિમવાહીનીના દાતાશ્રી
શ્રી મરોલીવિભાગ ભીનાર સ્મશાન ગૃહના મુખ્યદાતાશ્રી
શ્રી બાલુકાકાની વાડી
ગં.સ્વ. સોમીબેન બાલુભાઈ પટેલ તથા નગીનભાઈ, પ્રવિણભાઈ, સુરેશભાઈ, હર્ષદભાઈ, મીનાક્ષીબેન તથા પૌત્રો તેમજ પરિવારજનો

સ્વ. બાલુભાઈ પાંચાભાઈ પટેલ સ્વ. તા. 12-01-2008

શ્રી બાલુકાકાની વાડી, ઉભરાટ રોડ, મરોલીબજાર, તા. જલાલપોર, જી.નવસારી મો. 98251 70182

અનાવિલ અવસાન



દિલગીરી સાથે જણાવવાનું કે અમારા પુત્ર-પતિ ઝલક(રવિ) હેમંતકુમાર દેસાઈનું તા.૦૯/૦૧/૨૦૨૬ને શુક્રવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે.
પ્રભુ સદ્‌ગતના દિવ્ય આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના

સદ્‌ગતનું સંયુક્ત બેસણું તા. ૧૫-૦૧-૨૦૨૬ને ગુરુવારના રોજ બપોરે 3.00 થી ૬.00 કલાક દરમિયાન પહેલો માળ, દયાળજી આશ્રમ, મજુરા ગેટ, સુરત ખાતે રાખેલ છે.
નોંધ : સ્નેહ મિલન ગાર્ડન તરફથી પ્રવેશ લેવો.
લૌકિક રિવાજ સદંતર બંધ છે.


સ્વ. ઝલક(રવિ) હેમંતકુમાર દેસાઈ (ગુજરાત ગેસ) તા. ૦૯/૦૧/૨૦૨૬

શ્વસુરપક્ષ
પ્રકાશભાઈ મગનલાલ નાયક (આમરી પડઘા)
મો. 98241-08850, 84696-90952

લિ.
સ્વ. ધીરૂભાઈ રણછોડજી દેસાઇ (દાદા)
હેમંતકુમાર ધીરૂભાઈ દેસાઈ (પિતા)
સ્વ. નયનાબેન હેમંતકુમાર દેસાઈ (માતા)
હિરલ ઝલકભાઈ દેસાઈ (પત્ની)
ચક્ષ ઝલકભાઈ દેસાઈ (પુત્ર)
ધવલ મહેશચંદ્ર નાયક (બનેવી)
પલક ધવલ નાયક (બહેન)
કિરીટભાઈ ધીરૂભાઈ દેસાઇ (ફુવાજી)
નિમેષભાઇ પદમકાન્ત પુરોહિત (ફુવાજી)
(ધ્યાન, ધ્યેય)

નિવાસસ્થાન: બી-6, અભિષેક પાર્ક એ, સોમેશ્વર એન્કલેવ ગેટની બાજુમાં વેસુ, સુરત. મો. 98251-17838

સુરત ક્ષત્રિય(ખત્રી) અવસાન



દિલગીરી સહ જણાવવાનું કે, અમારા પિતાશ્રી કાંતિલાલ રતિલાલ ચેવલીનું તારીખઃ ૧૧/૦૧/૨૦૨૬ના રવિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે.
સદ્‌ગતનું બેસણું તા. ૧૨/૧/૨૦૨૬ને સોમવારના રોજ સવારે ૯.૦૦ થી ૧૧.૦૦ કલાક દરમ્યાન રાખેલ છે

: બેસણાનું સ્થળ :
મહિડા ભવન, SVNITની સામે, કેન્દ્રીય વિદ્યાલયની પાસે, ઈચ્છાનાથ, સુરત.

લિ.
જીતેન્દ્ર કાંતિલાલ ચેવલી
રાકેશ કાંતિલાલ ચેવલી
તથા સમસ્ત ચેવલી પરિવાર

સ્વ. કાંતિલાલ રતિલાલ ચેવલી સ્વ.તા. ૧૧/૦૧/૨૦૨૬

દુઃખદ અવસાન-બેસણું



દિલગીરી સહ જણાવવાનું કે અમારા ભાઇ/પિતાશ્રી રમણભાઇ લક્ષ્મણભાઇ પટેલ તા. ૧૧-૧-૨૦૨૬ને રવિવારના રોજ દેવલોક પામેલ છે. "પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ આપે એજ અભ્યર્થના."

સદ્‌ગતનું બેસણું તા. ૧૩-૧-૨૦૨૬ને મંગળવારના રોજ સવારે ૯.૦૦ કલાકે રાખવામાં આવેલ છે.

પ્રવિણભાઈ એલ. પટેલ (ભાઈ)
શંકરભાઈ એલ. પટેલ (ભાઈ)
ઠાકોરભાઈ એલ. પટેલ (ભાઈ)
નિલેશભાઈ આર. પટેલ (પુત્ર)
તથા સમસ્ત પરિવાર

સ્વ. રમણભાઇ એલ. પટેલ સ્વ. તા. ૧૧-૧-૨૦૨૬

સ્થળઃ ૩૬, ગોપાલપાર્ક સોસાયટી, પાલનપુર જકાતનાકા, સુરત